ઉપાડ અને વહેંચણી અધિકારી
(DDO) જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- SJED/PMJ/e-file/17/2026/1575/K
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૪.૦૭.૨૦૨૬

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનો તા.૧૩/૦૯/૨૦૨૪ ના પરીપત્ર ક્રમાંક: FD/O/e-file/4/2024/2089/Z(Treasuries)

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૨૯/૦૬/૨૦૨૬ ના પત્ર.અજાક/ચ/SNA SPARSH/ ૨૦૨૬-૨૭/૧૫૦૯-૧૫૧૧

**પ્રસ્તાવના:**

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની સૂચના અનુસાર, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ફંડ ફાળવણી અને તેનો ઉપયોગ વધુ કાર્યક્ષમ રીતે થઈ શકે તે હેતુસર "Pradhan Mantri Anusuchit Jaati Abhyuday Yojana" (PM-AJAY) યોજનાનું અમલીકરણ SNA-SPARSH (Real Time System of Integrated Quick Transfers) મોડેલ મારફત કરવામાં આવે છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી ખાતે PM-AJAY યોજનાનું અમલીકરણ થતું હોઈ, નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના પરિપત્રની જોગવાઈ અનુસાર SNA-SPARSH મોડેલ હેઠળ યોજનાના નાણાકીય વ્યવહારો હાથ ધરવા માટે વડી કચેરી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાં શ્રી જે. એચ. વળવી, હિસાબી અધિકારી, વર્ગ-૧ (ઇન્ચાર્જ) ને ઉપાડ અને વહેંચણી અધિકારી (DDO) તરીકે જાહેર કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમ-(૨) ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના પરિપત્રની જોગવાઈઓ અન્વયે Pradhan Mantri Anusuchit Jaati Abhyuday Yojana (PM-AJAY) ના SNA-SPARSH મોડેલ હેઠળ યોજનાના નાણાકીય વ્યવહારો હાથ ધરવા તેમજ ગ્રાન્ટના ઉપાડ અને વહેંચણીના હેતુસર, વડી કચેરી, નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી ખાતે શ્રી જે. એચ. વળવી, હિસાબી અધિકારી, વર્ગ-૧ (ઇન્ચાર્જ) ને ઉપાડ અને વહેંચણી અધિકારી (Drawing and Disbursing Officer (DDO) તરીકે જાહેર કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૩.૦૭.૨૦૨૬ ની નોંધ પર મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોમતી પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગની વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રી જે.એચ.વળવી, હિસાબી અધિકારી, બ્લોક નં.૪/૨જો માળ, નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ - ૨૦૨૬

Scanned with OKEN Scanner